"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

७५, सहजानंद शोपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदावाद-३८० ००४.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 9824039477

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૬-૨૦૧૭/૧૯ તા.૨૫-૦૭-૨૦૧૬

પ્રતિશ્રી,
**માનનીય સાહેબશ્રી**
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય :- **અગત્યના મુદ્દાઓની રજુઆત કરવા બાબત**

માનનીયશ્રી,

આપના પરિપત્ર ક્રમાંક નં ટેક્ષ/વ્યાજ માફી/યોજના/મીટીંગ/ઓન-૪૭૪૯ તા.૧૯-૦૭-૨૦૧૬ના પત્રના અનુસંધાને જણાવવાનું કે તા.૨૮-૦૭-૨૦૧૬ને ગુરૂવારે સમય બપોરે ૧૨.૦૦ કલાકે માન.અગ્ર સચિવશ્રી બંદરો અને વાહન વ્યવહારના અધ્યક્ષ સ્થાને મીટીંગનું આયોજન ગાંધીનગર મુકામે કરેલ છે તે મીટીંગમાં અમો અમારા પ્રતિનિધિમંડળ સાથે હાજરી આપીશુ. ઉપરોકત મીટીંગ દરમ્યાન રજુ કરવા માટેના મુદ્દાઓ નીચે મુજબ છે.

૧. ૭૫૦૦ કિ.ગ્રા.થી વધારે જીવીડબલ્યુ ક્ષમતાવાળા માલ વાહક વાહનોનો ઉચ્ચક કર જે-તે વાહનની બેઝીક વેલ્યુના (વેટ સિવાય) ૬% લેખે લેવાય તેવી અમારી રજુઆત છે. આ પહેલા ૨૦૧૦માં ૭૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ સુધીના માલવાહક વાહનો માટે આ પ્રમાણે ઉચ્ચક કર માળખું બનાવેલ. આ ઉપરાંત મોટા વાહનોની સંખ્યા ખુબ મોટી હોઈ તેના માટે આ વ્યવસ્થા મરજીયાત રૂપે દાખલ કરવાનું વિચારી શકાય.

૨. જો કોઈ વાહનોના વાર્ષિક કર બાકી હોય તો તેના ઉપર ૧૮% વ્યાજ અને ૨૫% પેનલ્ટી લેવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં પેનલ્ટી અને વ્યાજ બંને ન લેવાવી જોઈએ તેવી રજુઆત પહેલા પણ વારંવાર કરવામાં આવેલ છે અને અત્યારે પણ અમો તેવી બાકી રકમના રકમ તેમજ ૧૨% વ્યાજ લેવાય તેવી રજુઆત કરવા માંગીએ છીએ.

૩. છ માસીક તેમજ વાર્ષિક ટેક્ષ ભરવાની તારીખોમાં પહેલા ૭ દિવસની છુટ હતી પણ તે ૭ દિવસોમાં આવતી રજાઓ કે બેંકની રજા કે રવિવારને ધ્યાનમાં રાખી દર છ મહિને અમો રજુઆત કરતા અને તે મુદત ૧૫ થી ૨૦ દિવસ સુધી વધારવામાં આવતી. તેથી અમોએ દરેક વખતે આવી રજુઆત કરવાની અને વહીવટીય અગવડતાઓ દુર કરવા સરકારશ્રીને કાયમી ધોરણે મુદત વધારવા વિનંતી કરેલ જે પ્રમાણે દિન ૧૦ ની છુટ આપવામાં આવેલ, પણ ત્યારબાદ ૨ અને ૪ શનિવારે બેંકો ની રજા આવતા તેમજ ૨ રવિવાર તેમજ કોઈ જાહેર રજા આવી જાય તો તે ગાળો દિવસ ૭ થી પણ ઓછો થઈ જતો હોય તેને આર.ટી.ઓ. ઓફિસના કાર્યભારને જોતા કાયમી ધોરણે દિન ૨૦નો કરવા રજુઆત છે.

૪. આર.ટી.ઓ. દ્વારા જારી કરેલ ડ્રાઈવિંગ લાયસન્સને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના અન્ય ખાતાઓમાં એડ્રેસ પ્રુફ કે ફોટો આઈડી તરીકે સ્વીકારવામાં આવે છે. પણ આર.ટી.ઓ.ની કચેરીમાં તેને માન્ય રાખવામાં આવતું નથી. તો તે બાબતે યોગ્ય કરવા રજુઆત છે.

"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

७५, सहजानंद शोपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदावाद-३८० ००४.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 98240 39477



૫. તા.૦૧-૦૭-૨૦૧૬થી નવા વાહનોના રજીસ્ટ્રેશન થયા બાદ રજીસ્ટ્રેશન બુક કોઈપણ કારણોસર આપવામાં આવેલ નથી. તો તે બાબતે યોગ્ય કરી કાયમીધોરણે ૪૮ કલાકમાં મળે તેવી વ્યવસ્થા કરવા અમારી રજુઆત છે.

૬. ડુપ્લીકેટ પરમીટ મેળવવા એફીડેવીટ કરી અરજી આપી મેળવી શકાય છે, પણ ડુપ્લીકેટ આર.સી. બુક મેળવવા પોલીસ કેસ ફરજીયાત હોય તે ખુબ જ અગવડતા ભર્યુ અને સમયનો વ્યય કરનાર બને છે. તેથી ડુપ્લીકેટ આર.સી.બુક માટે પણ આ વ્યવસ્થા દાખલ કરવા રજુઆત છે.

૭. છેલ્લા ૨-૩ માસથી કોમ્પ્યુટરાઈઝ ફીટનેસ સર્ટીફીકેટ આપવા માટે અલગથી રૂ.૧૦૦/- ફી લેવાય છે, પણ આજ સુધી આવા કોઈ સર્ટીફીકેટ આપવામાં આવેલ નથી. તો તાત્કાલીક ધોરણે તે ફી લેવાની બંધ કરવા અમારી રજુઆત છે.

૮. ગુજરાત રાજયમાં ટ્રાન્સપોર્ટ કંપનીઓને રજીસ્ટર્ડ કરવાની કોઈપણ વ્યવસ્થા કે જાણકારી આપવામાં આવેલ નથી. તે યોગ્ય કરવા રજુઆત છે.

૯. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજીત તા.૨૯-૦૪-૨૦૧૬ના રોજ જીસીસીઆઈ સમીટમાં જુદી જુદી ૧૨ રજુઆતો થયેલ. જેમાં બાકી રહેલા મુદ્દાઓ યોગ્ય કરવા રજુઆત છે.

આ ઉપરાંત અમોએ રાજયના જુદા જુદા એસોસીએશનમાં જો કોઈ વહીવટીય મુશ્કેલીઓ હોય તો તે બાબતે રજુઆત મોકલી આપવા જણાવેલ છે. તે સમયસર મળે આપશ્રીને જણાવીશું અથવા સમયની અનુકુળતા પ્રમાણે આપે યોજેલ મીટીંગમાં રજુ કરીશું.

આભારસહ,

આપનો વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)